# અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશને ફાળવેલી ૮૫ કચરાપેટીઓ મોડાસામાં ધૂળ ખાય છે

મોડાસા, તા. ૨૬

ભારતના વડાપ્રધાન સ્વચ્છ ભારત બનાવવાની મહેનત કરી રહ્યા છે જ્યારે બીજી બાજુ સ્વચ્છ ભારત અભિયાનના લીરેલીરા ઉડાવતી તસવીર મોડાસામાં દેખાઈ રહી છે. મોડાસામાં નગરપાલિકાને સરકારે ફાળવેલી ૮૫ જેટલી કચરાપેટીઓ ધૂળ ખાઈ રહી છે. આ બાબતે તાત્કાલીક પગલા ભરવામાં આવે તેવી જનતાની માંગ છે.

ગુજરાત સરકાર દ્વારા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા શહેરોમાં સ્વચ્છ ભારત અભિયાન તેજ બને ગંદકી દૂર થાય તેવા નેક અભિગમ સાથે ૮૫ જેટલી પેટીઓ ફાળવેલી હતી. આ પેટીઓ ૨૦૦૮માં ફાળવ્યા બાદ નગરપાલિકાના સત્તાધીશોની બેદરકારીના કારણે રેલવે સ્ટેશન



પાસેના મેદાનમાં ખુલ્લામાં પડી રહી છે. જ્યાં કાટ ખાઈ રહી છે. ઢાંકણ પણ ચોરાઈ ગયા છે અને સ્વચ્છ ભારતનો અભિગમ પણ મરી પરવાર્યો છે. છતાં મોડાસા શહેરની જાહેર જગ્યા પર મુકવાના બદલે મેદાનમાં ખુલ્લી પડી રહી છે. આ પેટીઓ યોગ્ય જગ્યા પર ગોઠવવામાં આવે તો સ્વચ્છ ભારતનો અભિગમ સાર્થક થાય તેમ છે. આ બાબતે યોગ્ય તપાસ કરી સરકાર નગરપાલિકાના સત્તાધિશો સામે પગલા લેવામાં આવે તેવી જનતાની માંગ છે. સરકારની લાખો રૂપિયાની મત્તા ખુલ્લામાં પડી રહી છે ત્યારે નગરપાલિકા એક શેડ બનાવી પેટીઓને સાચવે તો અન્ય જગ્યા પર ઉપયોગ થાય તેમ છે.

આ અંગે મોડાસા નગરપાલિકાના ચિફ ઓફીસર હરિશ અગ્રવાલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે પહેલા ૮૫ જેટલી કચરા માટેની પેટીઓ ફાળવી હતી. પણ ડોર ટુ ડોર અભિગમ આવવાના કારણે તે બીન ઉપયોગી બની છે. આમ ઉડાઉ જવાબ આપ્યો હતો.

# પ્રાંતિજ તપોધન ફડી, નવાધરા, કડીયાવાસ સહિત વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ

## છેલ્લા ચાર દિવસથી સ્ટ્રીટ લાઈટો બંધ, રજુઆત કરવા છતાં જે સે થે ની સ્થિતિ : પાણી પણ ના મલતા રહિશોમાં રોષ

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ હનુમાન ચોક નજીક આવેલ તપોધન ફડી, નવાધરા, કડીયાવાસ સહિતના વિસ્તારોમાં છેલ્લા ચાર એક દિવસથી સ્ટ્રીટલાઈટો બંધ રહેતા બધા વિસ્તારોમાં અંધકારપટ છવાયો છે અને રાત્રીના સમયે આ વિસ્તારના લોકોને ઘરની બહાર નિકળવું પણ મુશ્કેલ બન્યું છે. ત્યારે પીવાનું પાણી પણ ના મળતા રહીશો તોબા પોકારી ઉઠ્યા છે.

પ્રાંતિજ ખાતે છેલ્લા ચાર દિવસથી તપોધન ફડી, કડીયાવાસ, નવાધરા વિસ્તારોમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતા અંધકાર છવાયો છે. જયારે બીજીબાજુ ખોદકામ થયા બાદ રસ્તાઓના બનતા ખાડા ખડીયા પડી ગયા છે અને ઉંચા નીચા ટેબા હોવાથી રહિશોના હાથ પગ ભાગે તો નવાઈ નહી, જ્યારે રાત્રીના સમયે અંધકાર છવાતા તસ્કરોનો પણ ભય રહિશોને સતાવે છે.

જયારે બીજી બાજુ પ્રાથમિક સુવિધા પાણી પણ ના મળતા રહીશોની મુશ્કેલીઓ ઘટવાને બદલે વધારો થયો છે અને પાણી અને સ્ટ્રીટલાઈટોને લઈને રહિશો દ્વારા પાલિકામાં તથા આ વિસ્તારના જે તે કોર્પોરેટરોને જાણ કરવા છતાં પરિસ્થિતિ જેસેથેની છે અને પાલિકા વિજકંપનીના કારણે સ્ટ્રીટલાઈટો બંધ હોવાનું ગાણા ગાતુ અને વિજકંપની મેન્ટેનન્સ કામ ચાલુ હોવાના કારણ આગળ કરે છે જયારે હાલ તો રહીશો દ્વારા બન્ને પ્રાથમિક સુવિધાઓને લઈને રજુઆત કરવા છતા જેની જવાબદારી છે તે તંત્ર ઉંઘતુ નજરે પડે છે ત્યારે પાણી અને સ્ટ્રીટલાઈટો જેવી પ્રાથમિક સુવિધાઓ બંધ રહેતા રહીશોની ઉંઘ હરામ થઈ છે ત્યારે રહિશોની સમસ્યાં ક્યારે દૂર થશે એ તો હવે જોવાનુ રહ્યું.

# અતુલ પોલીટેકનીક ઈન્સ્ટિટયૂટ કોલેજનુ ગૌરવ

પ્રાંતિજ, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના યાત્રાધામ મહુડી ખાતે આવેલ અતુલ પોલિટેકનિક ઈન્સ્ટિટ્યુટ કોલેજને જીટીયુ પ્રોજેક્ટ- ફેર એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવતા કોલેજનુ ગૌરવ વધ્યું છે.

સુપ્રસિધ્ધ યાત્રાધામ મહુડી ખાતે આવેલ અતુલ પોલીટેકનીક ઈન્સ્ટિટ્યૂટ કોલેજ છેલ્લા આઠ વર્ષથી ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે અને વિધાર્થીઓની ટેકનીકલ ક્ષમતાનો વિકાસ થાય તે હેતુસર મેમ્બર્સ દ્વારા આકરી મહેનત કરવામાં આવી. સંસ્થાના આ સરાહનીય પ્રયાસને બીરદાવવા માટે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી અમદાવાદ દ્વારા જેમાં વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન પ્રોજેક્ટ-ફેર એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. તેમજ સંસ્થાના બે શ્રેષ્ઠ પ્રોજેક્ટને વધુ સંશોધન તથા વિકાસ માટે જીટીયુ પ્રેરીત ઈનોવેશન કાઉન્સીલ સમક્ષ રજૂઆત કરવામાં આવશે જયારે સંસ્થાને એવાર્ડ મળવા બદલ ટ્રસ્ટીઓએ પ્રિન્સીપાલ, સ્ટાફ મેમ્બર્સ તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા તથા સંસ્થાની ટેકનીકલ ક્ષેત્રે વધુ પ્રગતિ થાય તે માટે પણ સંસ્થાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# પ્રાંતિજના સલાલ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ પાસેથી રાજસ્થાન બાજુથી આવતી કારમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલ



ગાંધીનગર દ્વારા ૮૧,૮૦૦નો વિદેશી કંપનીનો દારૂ પકડી પાડ્યો છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના સલાલ પાસે આવેલ ગોકુલ હોટલ પાસેથી રાજસ્થાન બાજુથી આવતી હોન્ડા સીટી કાર નંબર-જીજે૦૧.એચએ.૬૬૪૪નો ચાલક વિહાર ઉર્ફે લાલો દશરથભાઈ જયસ્વાલ ઉ. વર્ષ- ૩૫, રહે. ૯૪, સુયકેતુ સોસાયટી નહેરૂ ચોકડી પાસે દહેગામ જિલ્લો-ગાંધીનગર મૂળ રહેવાસી કુડાસણ, તા. ગાંધીનગર કે પોતાની ગાડીમાં ખીચોખીચ વિદેશી કંપનીનો વિદેશી દારૂ તથા ટીન મળી કુલ-૫૧૮ જેની કિંમત ૮૧૮૦૦, સેમસંગ કંપનીનો મોબાઈલ નંગ એક જેની કિંમત ૨૦૦૦ તેની પાસેથી રોકડ રકમ ૩૦૦ તથા ગાડીની કિંમત ૨૦૦૦૦૦ મળીને કુલ ૨૮૪૧૦૦ નો મુદ્દામાલ વગરપાસ પરમીટ વગર હેરાફેરી કરતો મળી આવતા ફરીયાદી નટપતસિંહ શિવાજી પો.કો સ્ટેટ મોનિટરિંગ સેલ ગુજરાત રાજય ગાંધીનગરના હસ્તે પકડાઈ જતા ગુના રજીસ્ટાર સીઆરસી ૧૫૭નો રીપોર્ટ કરી આગળની વધુ તપાસ સારૂ પ્રાંતિજ પી.આઇ ટી.બી.રાઠોડ ને તપાસ સોંપતા ટી.બી.રાઠોડ દ્વારા વધુ તપાસ હાથ ધરવા આવી છે.



મોડાસા બાયપાસ રોડ પાર દારૂ પીધેલી હાલતમાં કાર હંકારી બાઈકને ટક્કર મારતા બાઈકે ચાલક ઘાયલ અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ પીધેલા કાર ચાલકને મેથીપાક ચખાડ્યો હતો. નશામાં ધૂત કાર ચાલકને પકડી પોલીસને સોંપ્યો હતો. આધારભૂત સૂત્રો ના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બાયપાસ રોડ પર ગુરૂવારે બપોરે નશામાં ધૂત બનેલા એક પટેલ કાર ચાલક યુવકે પુરઝડપે ગફલત ભરી રીતે હંકારી બાજુમાંથી પસાર થતી બાઈકને ટક્કર મારતા બાઈકચાલક રોડ પર પટકાયો હતો. બાઈક ચાલકના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ બાઈકચાલકને સારવાર અર્થે દવાખાને ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માત સર્જનાર કારચાલકની વર્તણુક શંકાસ્પદ જણાતા લોકોએ કારચાલકની નજીક જતા નશામાં ધૂત અને દારૂ પીધેલી હાલતમાં જણાતા લોકોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો અને કાર ચાલકને મેથીપાક ચખાડી પોલીસેના હવાલે કરી દીધો હતો અકસ્માત ના પગલે દોડી આવેલી પોલીસે કારચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## ગુંદેલ ગામ પાસે બાઈકસવારનું મોત

ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામ પાસે ગુરૂવાર રાત્રીના સમયે બાઈક સ્લીપ ખાઈ જતા ગુંદેલકંપાના યુવકનું મોત નિપજ્યુ હતુ. ગુંદેલકંપાના ચીમનભાઈ પ્રતાપભાઈ ઠાકોર (ઉં.વ.૨૨) જીતપુર-ગટોળી ગામે વરઘોડામાં ઘોડી લઈ ગયા હતા ત્યાં વરઘોડા બાદ પરત ફરતી ઘોડી ટેમ્પામાં ચડાવી ટેમ્પા સાથે બાઈક નં. જીજે.૧૮.ક્યુ.૧૨૩૧ લઈ પાછળ પાછળ આવતા હતા ત્યારે રસ્તામાં ફોન આવે તો તે ઉભા રહ્યા હતા અને ટેમ્પાને આગળ જવા કહ્યુ હતુ. તેઓ ફોન કરી રસ્તામાં બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી જેથી તેમના સરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેમનું ઘટનાસ્થળે મરણ થયુ હતુ. જે અંગે તેમના પિતા પ્રતાપભાઈ સરદારભાઈ ઠાકોરે પોલીસ સ્ટેશને ફરીયાદ કરતાં પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

## જયસ્વાલ સમાજનું ગૌરવ એમ.એડ. કોલેજ મોડાસામાં પ્રથમ

મોડાસા, તા. ૨૬

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા ચાલુ સાલે લેવાયેલ માસ્ટર ઓફ એજ્યુકેશન (એમ.એડ.)ની પરીક્ષામાં મોડાસાના શ્રી કે.એચ. પટેલ એમ.એડ. ઈન્સ્ટીટ્યુટ દ્વારા લેવામાં આવેલ પરીક્ષામાં જયસ્વાલ મીનલબેન ભરતભાઈ એ.૮.૨૪ એસ.જી.પી.એ. મેળવી ‘એ’ ગ્રેડ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડમેડલ મેળવી મોડાસા કોલેજ તેમજ જયસ્વાલ સમાજનું ગૌરવ વધારેલ છે. આ પ્રસંગે જયસ્વાલ સમાજના અગ્રણી ડૉ. નવનીતભાઈ જયસ્વાલ, અરવિંદભાઈ જયસ્વાલ તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હરેશભાઈ પટેલ દ્વારા મીનલબેન જયસ્વાલને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવેલ છે.





## મોડાસામાં પ્રણામી મંદિરમાં સેવા પધરામણી મહોત્સવનો પ્રારંભ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના મેઘરજ રોડ પર નવનિર્માણ પામેલા પ્રણામી સંપ્રદાયના મંદિરમાં સેવા પધરામણી મહોત્સવ અંતર્ગત ૨૫ પારાયણ પઠન કરવાની સાથે પંચ દિવસીય વિવિધ ધાર્મીક કાર્યક્રમો યોજાશે. ૨૫ પારાયણની પૂર્ણાહૂતિ ૨૯-૫-૧૭ના સોમવારના રોજ યોજાશે. તદ્ઉપરાંત ૩૦-૫-૧૭ મંગળવારે સુરત મહામંગલ પુરી ધામના મહંત આચાર્ય ૧૦૮ સૂર્યનારાયણ મહારાજ, દેવકરણ ગાંધી પૂજારી, પદ્માવતીપુરી પન્ના ધામ અને રતનપુરીના મહંત વિદ્યાચલજી મહારાજની નિશ્રામાં ભવ્ય શોભાયાત્રા પછી સેવા પધરામણી કરવામાં આવશે. આ પંચ દિવસીય મહોત્સવમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા સહિત ખેડા, પંચમહાલ, દાહોદ અને વડોદરાથી મોટી સંખ્યામાં પ્રણામી સંપ્રદાયના ભક્તો ઉમટી પડશે.

# અમદાવાદમાં તસ્કરો અને ચેઈન સ્નેચરોનો આતંક હજુ જારી

## વસ્ત્રાપુરમાં ઘરઘાટી ઘર સાફ કરી ફરાર : કારંજમાં જુની જુમ્મા મસ્જિદની પાસે વૃધ્ધાના ગળામાંથી ચેઇન સ્નેચીંગ

અમદાવાદ, તા.૨૬

શહેરમાં તસ્કરો અને ચેઈન સ્નેચરોનો ત્રાસ સતત વધતો જાય છે, રોજ શહેરના જુદા જુદા વિસ્તારમાં આ અંગેના નવા બનાવો નોંધાયા કરે છે તે જોતાં જાણે તસ્કરો કે ચેઈન સ્નેચરોને પોલીસનો કોઈ ડર રહ્યો નથી. શહેરમાં વધતાં જતાં આવા બનાવો શહેર પોલીસ તંત્રની ફરજ અને કાર્યક્ષમતા સામે પણ ગંભીર સવાલો ઉઠાવે છે. શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં ઘરઘાટી જ માલિકનું ઘર સાફ કરીને જતો રહ્યો, તો કારંજ વિસ્તારમાં જુની જુમ્મા મસ્જિદ પાસે વૃધ્ધાના ગળામાંથી ચેઈન સ્નેચીંગનો બનાવ નોંધાયો હતો. આ જ પ્રકારના અન્ય એક બનાવમાં કૃષ્ણનગર વિસ્તારમાં ગાડીનો કાચ તોડી કોઈ અજાણ્યો શખ્સ મહિલાના પર્સમાં મૂકેલા દાગીના અને રોકડ રકમ લઈને ફરાર થઈ ગયો. આ બનાવો અંગે શહેર પોલીસે જરૂરી ગુના નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના બોડકદેવ વિસ્તારમાં સિંધુભવન રોડ પર સોમ પોલ ફલેટ ખાતે રહેતા કુણાલભાઈ રાજુભાઈ મૂલચંદાનીના ત્યાં નોકર નાથુ ઉર્ફે રમેશ કાળુભાઈ મીણા(હાલ રહે.હેબતપુર ગામ, તા.દસ્ક્રોઈ, જિ.અમદાવાદ- મૂળ રહે. ઈંટાલિખેડા, તા.સરડા, જિ.ઉદેપુર, રાજસ્થાન) ઘરમાં ઘરઘાટી તરીકે કામ કરતો હતો. તા.૧૬-૫-૨૦૧૭થી તા.૨૦-૫-૨૦૧૭ દરમ્યાન આરોપી ઘરઘાટી નાથુ કૃણાલભાઈના મમ્મીના કબાટમાંથી સોનાના દાગીના અને રોકડા રૂ.૨૫ હજાર મળી કુલ રૂ.૨,૧૦,૦૦૦ની મતાની ચોરી કરી નાસી છૂટયો હતો. આ અંગે કૃણાલભાઈએ વસ્ત્રાપુર પોલીસમથકમાં ઘરઘાટી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. દરમ્યાન કારંજ વિસ્તારમાં જુની જુમ્મા મસ્જિદ પાસેથી પસાર થઈ રહેલ ૬૫ વર્ષીય વૃધ્ધા સરસ્વતીબહેન શિવરાજભાઈ કહારના ગળામાંથી બે અજાણ્યા બાઈકસવાર શખ્સોએ ચેઈન સ્નેચીંગ કર્યું હતું અને સરસ્વતીબહેનની રૂ.૬૫ હજારની કિંમતની સોનાની ચેઈન તોડી નાસી છૂટયા હતા. આ બનાવ અંગે તેમણે કારંજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ભિલોડા ગ્રામ પંચાયત સભાખંડમાં ગ્રામસભા યોજાઈ

ભિલોડા ગ્રામ પંચાયત કચેરી સભાખંડમાં ગ્રામસભા યોજાઈ હતી. ભિલોડા મામલતદાર જી. કે. પટેલના અધ્યક્ષસ્થાને ગ્રામસભા યોજાઈ હતી. ભિલોડા ગ્રામ પંચાયતમાં ગ્રામસભા દરમ્યાન વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણાઓ કરાઈ હતી ત્યારે અધિકારીઓ ધ્વારા હકારાત્મક જવાબો રજુ કરાયા હતા. પૈસા ઍક્ટ કાયદા સંદર્ભે ઠરાવ પસાર કરાયો હતો. વિવિધ સમિતીઓની રચના કરાઈ હતી.

આ પ્રસંગે ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતી, ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, સંકલન સમિતી અધ્યક્ષ ગુણવંતભાઈ ત્રિવેદી, ભિલોડા ગ્રામ પંચાયત સભ્યો પ્રકાશભાઈ સડાત, ઐયુબ બાવજી, રામસીંઘભાઈ ઓડ, યોગેશભાઈ બુધ્ધ, જાગૃત ગ્રામજનો, તલાટી કમ મંત્રી પી.બી.ભોઈ, શંકરલાલ પટેલ, ભુપેશભાઈ રાઠોડ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જેતલપુર પાસે કાર-રીક્ષા વચ્ચે અકસ્માત : પાંચ ઘાયલ

## સર્વિસ રોડ પર રોંગ સાઇડમાં આવી રહેલી સ્વીફ્ટ કારે રીક્ષાને ટક્કર મારી : કાર-રીક્ષાના ફુરચે ફુરચા ઉડી ગયા

અમદાવાદ, તા.૨૬

શહેરના નારોલ-બારેજા હાઈવે પર જેતલપુર ગામ પાસેના બ્રીજ નજીક સર્વિસ રોડ પરથી પસાર થતાં એક રીક્ષા અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં પાંચ વ્યકિતઓને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત વ્યકિતઓને શહેરની એલ.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં બે વ્યકિતને સામાન્ય ઈજા પહોંચી હતી. શહેરના રીંગ રોડ અને હાઈવે પર અકસ્માતની ઘટનાઓ દિન પ્રતિદિન વધતી જાય છે. અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના નારોલ-બારેજા હાઈવે પર જેતલપુર ગામ નજીકના સર્વિસ રોડ પરથી એક રીક્ષા પસાર થઈ રહી હતી ત્યારે સામેથી રોંગ સાઈડમાં આવી રહેલા સ્વીફ્ટ કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં કાર અને રીક્ષા જોરદાર રીતે ટકરાયા હતા. કાર એટલી પૂરઝડપે હતી કે, સર્જાયેલા અકસ્માતમાં રીક્ષા અને કારના ફુરચા નીકળી ગયા હતા. આ અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા પ્રહલાદજી ઠાકોર(ઉ.વ.૫૧), રમેશભાઈ વાઘેલા(ઉ.વ.૨૭), અર્જુનભાઈ વણઝારા(ઉ.વ.૪૫), કરશનભાઈ ઠાકોર(ઉ.વ.૪૬), અને અતાજીભાઈ ઠાકોર(ઉ.વ.૭૦)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોનો ટોળેટોળા ઉમટી પડયા હતા. આ અકસ્માતના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

દરમ્યાન ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે પાંચેય ઈજાગ્રસ્તોને શહેરની એલ.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. એલ.જી.હોસ્પિટલમાં પણ ડોકટરો અને સ્ટાફને તાત્કાલિક ઈજાગ્રસ્તોની સારવાર અર્થે તૈનાત કરાયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત બે ને સામાન્ય ઈજા પહોંચી હતી.



## જવાનગઢ પાસે ટેમ્પો અને ટ્રક ટ્રેલર અથડાયાં સદનસીબે જાનહાની ટળી

મોડાસા, તા. ૨૬

હિંમતનગર તાલુકાના જવાનગઢ પાસે ટેમ્પો અને ટ્રક ટ્રેલર વચ્ચે ધડાકાભેર અથડામણ થઈ હતી. બનાવની પ્રાપ્ત વિગતોનુસાર જવાનગઢ પાસે આવેલા પેટ્રોલપંપ પાસે ટેમ્પો અને ટ્રક ટ્રેલર બન્ને ઉદેપુર બાજુ જતા હતા ત્યારે ઓવરટેક કરવા જતા અચાનક બંને વચ્ચે ધડાકાભેર અથડામણ થઈ હતી અને બંને વાહનો વીસેક ફૂટ જેટલા ઢસડાઈ ખાડામાં પડ્યા હતા. જો કે સદનસીબે મોટી જાનહાની ટળી હતી.

# ચેક રિટર્નની ત્રણ કોર્ટો ઘીકાંટા મુખ્ય કોર્ટ બિલ્ડીંગમાં ખસેડાઈ

મેટ્રો રેલ પ્રોજેકટના કારણે જૂની કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં આવેલી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ચેક રિટર્નના કેસોની ૧૦ કોર્ટોને અસર થાય છે. આ કોર્ટોનો વત્તા ઓછા અંશે હિસ્સો કપાતમાં જાય છે અને તેને લઈ આ કોર્ટો બીજા સ્થળે ખસેડવાની પરિસ્થિતિ સર્જાઇ હતી. જે પૈકી ચેક રિટર્નના કેસોની કોર્ટ નંબર-૩૧, ૩૨ અને ૩૬ એમ ત્રણ કોર્ટો પ્રાથમિક તબક્કામાં ઘી કાંટા ફોજદારી કોર્ટના મુખ્ય બિલ્ડીંગ ખાતે ખસેડવામાં આવી છે, જેથી મેટ્રોપોલીટન કોર્ટ(ફોજદારી કોર્ટ)ના વકીલોને ઘણી રાહત થઈ છે. તા. ૨૯મી મે સોમવારથી ચેક રિટર્નના કેસોની આ ત્રણેય કોર્ટોની કામગીરી સુનાવણી મુખ્ય બિલ્ડીંગમાં હાથ ધરાશે. આગામી દિવસોમાં ચેક રિટર્નના કેસોની અન્ય કોર્ટો પણ મુખ્ય બિલ્ડીંગમાં ખસેડાય તેવી શકયતા છે. જૂની કલેકટર કચેરી સંકુલની જગ્યા પર મેટ્રો રેલ ટ્રેનનું અંડરગ્રાઉન્ડ સ્ટેશન કટ અને કવર બેઝીઝ પર બનાવવાની કામગીરી શરૂ થનાર હોઈ અને આ જગ્યા મેટ્રો રેલ પ્રોજેકટની મેગા કંપનીને સોંપવાની હોઈ આ સંકુલમાં સ્થિત નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ચેક રિટર્નના કેસોની ૧૦ કોર્ટોને અસર થાય છે, જેથી આ કોર્ટોને બીજે ખાસ કરીને અપનાબજારમાં ખસેડવાની કવાયત હાથ ધરાઈ હતી પરંતુ ફોજદારી કોર્ટના વકીલો કે જેઓને રોજ ચેક રિટર્નના કેસો લડવા આ કોર્ટોમાં જવાનું હોય છે, તેઓને આ કોર્ટો અપનાબજાર ખસેડાય તો ભારે હાલાકી ઉભી થાય તેમ હોવાથી અમદાવાદ ક્રિમીનલ કોર્ટસ બાર એસોસીએશનના સેક્રેટરી ભરત એચ.શાહ સહિતના હોદ્દેદારોએ ગુજરાત હાઈકોર્ટના યુનિટ જજ એસ.એચ.વોરાને મળીને આ કોર્ટો અપનાબજારને બદલે ઘીકાંટા ફોજદારી કોર્ટના મુખ્ય બિલ્ડીંગમાં જ ખસેડવા રજૂઆત કરી હતી.